| 2 | MR. RAJESH RAMANLAL SHAH (BORROWER) MRS. HEMANGINIBEN SHAH (CO-BORROWER) | Rs. 38,30,184/- as on 31 Aug., 2023* | All that piece and parcel of immovable property being Residential Flat No. L-101 on 1st Floor in East direction in Tower- "L" having Carpet Area (as per RERA) admeasuring 97.26 Sq. Mtrs. and Built Up area about 109.11 Sq. Mtrs. (As per RERA) along with proportionate undivided share in land to the extent nt of 41.91 Sq. Mtrs. in the common plot, common road and all other common and undivided land in the project named "DOVE DECK". The said lay-out plan of the scheme has been approved vide Development Permission No. UDA/PLAN-2/Parvangi/93/2014 dated 22nd July, 2014. The said residential scheme which has been organized and constructed on Non -Agricultural Land bearing Plot No. 3 admeasuring 11033.07 Sq. Mtrs. bearing Revenue Survey No. 11/ Paiki - 2 of village Sayajipura, Taluka and District - Vadodara in the Registration District and Sub District - Vadodara in the State of Gujarat. | Physical Possession | Rs.35,00,000/- | Rs.3,50,000/- | 8 Aug., 2024 11:00 AM to 12:30 PM |
| 3 | MR. JUBERMAHMAD ANVARALI SAIYAD (BORROWER) MRS. ASMABANU JHAKEERALI SAIYAD (CO-BORROWER) | Rs.1,89,410/- and Rs.19,85,222/- respectively as on 30 Sep., 2023* | All that piece and parcel of immovable property being Residential Flat No. 404 on 4th Floor (As per Plan Permission 3rd Floor) in Tower - "K" having Super Built Up area 108.70 Sq. Mtrs. along with undivided proportionate share in the land to the extent of 34.64 Sq. Mtrs. in the scheme named "MUKHI RESIDENCY". The said residential and commercial scheme which has been organized and constructed on Non Agricultural Land having proposed Final Plot No. 739/1 + 740/1. Total admeasuring 7588 Sq. Mtrs., out of which 7188 Sq. Mtrs. land is utilized for residential purpose and 400 Sq. Mtrs. is utilized for commercial purpose. Mouje Village - Ramol, Taluka - Vatva, Registration District - Ahmedabad and Sub-Registration District - Ahmedabad-11 (Aslali). | Physical Possession | Rs.22,00,000/- | Rs.2,20,000/- | 8 Aug., 2024 11:00 AM to 12:30 PM |

* together with further interest as applicable, incidental expenses, costs, charges etc. incurred up to the date of payment and / or realisation thereof.

The Authorized Officer shall not be responsible for any error, misstatement or omission on the said particulars. The bidders are therefore requested in their own interest, to satisfy themselves with regard to the above and all other relevant details/material facts and information pertaining to the abovementioned immovable properties/secured assets before submitting bids. Statutory dues like property taxes/cess and transfer charges, arrears of electricity dues, arrears of water charges, sundry creditors, vendors, suppliers and other charges known and unknown, shall be ascertained by the bidder beforehand and the payment of the same be the responsibility of the buyer of Property/Secured Asset. Wherever applicable, it is the responsibility of buyer of secured assets to deduct tax at source (TDS) @1% of the total sell consideration on behalf of the resident owner (seller) on the transfer of immovable property having consideration equal or greater then INR 50,00,000/- and deposit the sane with appropriate authority u/s 194 IA of Income Tax Act, 1961.

**Disclosure of Encumbrances**

To the best of the knowledge and information of the Authorised Officer of HDFC Bank Limited, there are no encumbrances in respect of the above immovable properties/ secured assets.

**Most Important Terms and Conditions**

> Minimum bid increment amount is **Rs.25,000/- for Serial No.1, Rs.20,000/-** for **Serial No. 2** and **Rs.15,000/-** for **Serial No. 3.**

> Secured Asset is available for inspection on **16.07.2024 (Tuesday) between 10.00 A.M. to 5.00 P.M.**

> **For any assistance related to inspection of the property, or for obtaining the E-Auction Bid Document and for any other queries, please get in touch with our authorised Service Provider M/s. NexXen Solutions Private Limited, through their Centralised Help Desk: +91 81301 79933, +91 93100 29933, +91 98100 29926, Tel. No. +91 124 4 233 933, e-mail ID: CSD@DisposalHub.com.**

> The last date of submission of bids in the prescribed e-auction Bid documents and EMD in stipulated manner is **07-08-2024 (Wednesday).**

**Detailed Terms And Conditions**

For detailed terms and conditions of the sale, please refer to the link provided in **HDFC Bank Limited (HDFC)** Secured Creditor's **website i.e. www.hdfc.com**

**Date : 02-07-2024**
**Place : Ahmedabad**

**For, HDFC Bank Ltd.**
**Sd/-**
**Authorised Officer**

**Regd. Office : HDFC Bank Ltd. HDFC Bank House, Senapati Bapat Marg, Lower Parel (West), Mumbai-400013.**
**CIN : L65920MH1994PLC080618, Website : www.hdfcbank.com**

## કોમોડિટી વાયદાઓમાં રૂ.૧,૮૬૦ કરોડ અને ઓપ્શન્સમાં રૂ. ૩,૯૭૮ કરોડનું ટર્નઓવર

# ક્રૂડ તેલના ભાવમાં બેરલદીઠ રૂ.૨૪નો સુધારો જ્યારે નેચરલ ગેસ નરમ : મેન્થા તેલમાં વૃદ્ધિ




મુંબઈ

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં મંગળવારે આ લખાઈ રહ્યું છે ત્યારે રૂ.૫,૮૩૯.૮૪ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૧,૮૬૦.૪૫ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ. ૩૯૭૮.૩૮ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓગસ્ટ વાયદો સત્રની શરૂઆતમાં ૧૦ ગ્રામદીઠ રૂ.૭૧,૬૮૪ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭૧,૭૧૦ અને નીચામાં રૂ.૭૧,૬૦૨ના મથાળે અથડાઈ, રૂ.૪૫ વધી રૂ.૭૧,૬૯૯ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની જુલાઈ કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૨૨ ઘટી રૂ.૫૮,૦૯૩ અને ગોલ્ડ-પેટલ જુલાઈ કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૫ વધી રૂ.૭,૧૧૭ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની જુલાઈ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૮૯ વધી રૂ.૭૧,૪૧૮ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ વાયદો સત્રની શરૂઆતમાં ૧ કિલોદીઠ રૂ.૮૭,૮૨૧ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૮૭,૮૬૦ અને નીચામાં રૂ.૮૭,૬૫૪ના મથાળે અથડાઈ, રૂ.૨૩૦ વધી રૂ.૮૭,૭૫૨ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૩૫ વધી રૂ.૮૯,૮૧૮ અને ચાંદી-માઈક્રો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૫૨ વધી રૂ.૮૯,૮૨૮ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ તાંબુ જુલાઈ વાયદો રૂ.૮૪૬.૩૫ના ભાવે ખૂલી, રૂ.૦.૦૫ વધી રૂ.૮૪૫.૮૦ જ્યારે એલ્યુમિનિયમ જુલાઈ કોન્ટ્રેક્ટ રૂ.૦.૩૦ વધી રૂ.૨૩૦.૭૫ તેમ જ સીસું જુલાઈ કોન્ટ્રેક્ટ રૂ.૦.૨૦ વધી રૂ.૧૯૦ના ભાવ થયા હતા. જસત જુલાઈ કોન્ટ્રેક્ટ રૂ.૧.૬૦ વધી રૂ.૨૬૭ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની જુલાઈ વાયદો ૧ કિલોદીઠ રૂ.૦.૩૦ વધી રૂ.૨૩૨.૧૫ સીસુ-મિની જુલાઈ કોન્ટ્રેક્ટ રૂ.૦.૨૦ વધી રૂ.૧૯૦ જસત-મિની જુલાઈ વાયદો રૂ.૧.૪૦ વધી રૂ.૨૬૬.૮૦ બોલાઈ રહ્યો હતો.

**સોનાનો વાયદો રૂ.૪૫ અને ચાંદીનો વાયદો રૂ.૨૩૦ વધ્યોઃ બિનલોહ ધાતુઓ એકંદરે વધી બુલડેક્સ વાયદામાં રૂ.૦.૩૭ કરોડનાં કામકાજ**

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ ક્રૂડ તેલ જુલાઈ વાયદો સત્રની શરૂઆતમાં ૧ બેરલદીઠ રૂ.૬,૯૬૪ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬,૯૮૦ અને નીચામાં રૂ.૬,૯૬૪ના મથાળે અથડાઈ, રૂ.૨૪ વધી રૂ.૬,૯૭૪ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની જુલાઈ વાયદો રૂ.૨૮ વધી રૂ.૬,૯૭૨ બોલાઈ રહ્યો હતો. નેચરલ ગેસ જુલાઈ વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૦૮ના ભાવે ખૂલી, રૂ.૨.૭૦ ઘટી રૂ.૨૦૬.૮૦ અને નેચરલ ગેસ-મિની જુલાઈ વાયદો ૨.૮ ઘટી ૨૦૬.૯ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ મેન્થા તેલ જુલાઈ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૮.૮૦ વધી રૂ.૯૨૭.૨૦ બોલાયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૪૩૮.૯૦ કરોડનાં અને ચાદીના વિવિધ વાયદાઓમાં રૂ.૪૦૭.૫૮ કરોડનાં વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૪૯.૮૧ કરોડનાં ૧,૬૭૭ લોટ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૧૫૪.૯૨ કરોડનાં ૮,૮૩૨ લોટ નાં કામ થયાં હતાં. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૧૩.૧૬ કરોડનાં ૨૧૩ લોટ સીસુ અને સીસુ-મિની વાયદાઓમાં રૂ.૫.૮૭ કરોડનાં ૯૭ લોટ તાંબાના વાયદાઓમાં રૂ.૭૭.૪૮ કરોડનાં ૩૬૬ લોટ અને જસત તથા જસત-મિની વાયદાઓમાં રૂ.૫૩.૨૮ કરોડનાં ૯૦૦ લોટના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં મેન્થા તેલ વાયદામાં રૂ.૩.૦૩ કરોડનાં ૯૧ લોટનાં કામકાજ થયાં હતાં.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર બુલડેક્સ વાયદામાં રૂ.૦.૩૭ કરોડનાં ૪ લોટનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૨૧૨ લોટના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ જુલાઈ વાયદો ૧૮,૩૮૨ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૮,૪૧૦ અને નીચામાં ૧૮,૩૮૨ બોલાઈ, ૨૮ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૧ પોઈન્ટ વધી ૧૮,૩૮૭ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો. ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ. ૩૯૭૮.૩૮ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ જુલાઈ રૂ.૬,૯૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૮૧.૯૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૯૨.૮૦ અને નીચામાં રૂ.૧૮૧.૧૦ના મથાળે અથડાઈ, રૂ.૧૪.૯૦ વધી રૂ.૧૮૯ થયો હતો.

## ૨૦૦૮માં જન ઔષધિ સ્કીમ યોજના શરૂ કરી હતી

# નાગરિકોને ખૂબ જ ઓછા દરે ઉચ્ચ ગુણવત્તાની દવાઓ પૂરી પાડવા માટે પ્રધાનમંત્રી જન ઔષધિ પરિયોજના

નવીદિલ્હી,તા.૨

ભારત સરકાર દ્વારા ભારતના નાગરિકોને ખૂબ જ ઓછા દરે ઉચ્ચ ગુણવત્તાની દવાઓ પૂરી પાડવા માટે જન ઔષધિ કેન્દ્રો ખોલવામાં આવ્યા છે. જ્યાં તમને ૫૦ ટકા ઓછી કિંમતે દવાઓ મળે છે.ભારત સરકાર ગરીબ જરૂરિયાતમંદ લોકો માટે ઘણી યોજનાઓ ચલાવે છે. આમાં અલગ અલગ જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને અલગ અલગ યોજનાઓ લાવવામાં આવે છે. બીમારીઓમાં લોકોનો સારો એવો પૈસો બરબાદ થઈ જાય છે. તો વળી બીમારીઓ કરતાં વધુ પૈસા બીમારીઓમાં વપરાતી દવાઓમાં ખર્ચ થાય છે. આથી ભારત સરકારે ૨૦૦૮માં જન ઔષધિ સ્કીમ યોજના શરૂ કરી હતી.

૨૦૧૫માં તેનું નામ બદલીને પ્રધાનમંત્રી જન ઔષધિ યોજના કરવામાં આવ્યું. તો વળી ૨૦૧૬માં તેને પ્રધાનમંત્રી ભારતીય જન ઔષધિ પરિયોજના નામે ફરીથી શરૂ કરવામાં આવી. ભારત સરકારની યોજના હેઠળ દર્દીને ખૂબ જ ઓછી કિંમતે જેનેરિક દવાઓ ઉપલબ્ધ થાય છે. જેનેરિક દવાઓ ખાનગી મેડિકલ પર મળતી દવાઓ કરતાં કેટલી સસ્તી હોય છે. અને કેવી રીતે તમારી આસપાસના જન ઔષધિ કેન્દ્ર વિશે જાણી શકો છો.ભારત સરકાર દ્વારા ભારતના નાગરિકોને ખૂબ જ ઓછા દરે ઉચ્ચ ગુણવત્તાની દવાઓ પૂરી પાડવા માટે પ્રધાનમંત્રી જન ઔષધિ પરિયોજના શરૂ કરવામાં આવી. આ હેઠળ કોઈપણ વ્યક્તિ પ્રધાનમંત્રી જન ઔષધિ કેન્દ્ર પર જઈને જેનેરિક દવાઓ ખરીદી શકે છે. આ કેન્દ્રો પર તમને ૧૭૫૯ પ્રકારની દવાઓ સાથે ૨૮૦ સર્જિકલ ઉપકરણો મળી જશે.

જો તમે તેમની કિંમત વિશે વાત કરો તો આ દવાઓ તમને બ્રાન્ડેડ દવાઓની તુલનામાં ૫૦% થી પણ ઓછી કિંમતે મળશે. આ કેન્દ્રો પર તમને એન્ટી એલર્જી, એન્ટી ડાયાબિટીક, એન્ટી કેન્સર, એનાલ્જેસિક એન્ટિપાયરેટિક્સ અને વિટામિન્સ, મિનરલ્સ તેમજ અનેક પ્રકારના ફૂડ સપ્લિમેન્ટ્સ પણ મળી જશે. આ ઉપરાંત આ કેન્દ્રો પર મહિલાઓ માટે સેનેટરી નેપકિન પણ ઉપલબ્ધ હોય છે.

જો તમારે સસ્તી દવા ખરીદવી છે, પરંતુ તમને ખબર નથી કે તમારા શહેરમાં પ્રધાનમંત્રી જન ઔષધિ કેન્દ્ર ક્યાં છે, તો તમે તે ઓનલાઈન શોધી શકો છો.પછી તમારે દેખાતા વિકલ્પોમાંથી 'લોકેટ કેન્દ્ર' પર ક્લિક કરવું પડશે.

## મામુલી વરસાદની સાથે મોટા-મોટા ખાડા પડી જતાં વાહનચાલકો હેરાન

# ભ્રષ્ટાચારના પાપે નેત્રંગ અને અંકલેશ્વરના હાડકાતોડ રસ્તાથી વાહનચાલકોમાં આક્રોશ

### રૂ.૬૭ કરોડના ખર્ચે રસ્તાના નવીનીકરણ માટે મંજુર થયાના અહેવાલ




ભરૂચ,તા.૨

નેત્રંગ-અંકલેશ્વર રસ્તો વાહનચાલકો અને રાહદારીઓ માટે માથાનો દુખાવો બની ગયો છે. નેત્રંગથી હજારોની સંખ્યામાં નિત્યક્રમ યુવાનો અંકલેશ્વર અને ભરૂચ જેવા ઔધોગીક એકમોમાં નોકરી કરવા જાય છે, વિધાર્થીઓ, વેપારી-ડોક્ટરો અંકલેશ્વરથી નેત્રંગ અપડાઉન કરે છે. નેત્રંગ-અંકલેશ્વર સુધીના ૪૫ કિમીના રસ્તાની છેલ્લા લાંબા સમયથી બિસ્માર હાલત છે. પરંતુ માર્ગ-મકાન વિભાગના જવાબદાર અધિકારીઓને કંઈ પડી નથી તેવું સ્પષ્ટપણે જણાઈ રહ્યું છે. થોડા સમય પહેલા ચોપડે બતાવી શકાય તે માટે પ્રા.સમારકામ સમારકામ કરવામાં આવ્યું હતું પરંતુ પહેલા વરસાદમાં રસ્તાનું ભારે ધોવાણ થતાં પરીસ્થિતિ વધુ વિકટ બની છે. તેવા સંજોગોમા વાહનચાલકો જીવના જોખમે રસ્તા ઉપરથી પસાર થતાં હોવાથી ભારે આક્રોશ જણાઈ રહ્યો છે. નેત્રંગ-અંકલેશ્વરના રસ્તાના નવીનીકરણ માટે રૂ.૬૭ કરોડના ખર્ચે રસ્તાના મંજુર થયાના અહેવાલ મળ્યા છે. પરંતુ હાલ ચોમાસામાં નવીનીકરણની કામગીરી હાથ ધરાશે નહીં તેવું સ્પષ્ટપણે જણાઈ રહ્યું છે. ત્યાં સુધી વાહનચાલકો-રાહદારીઓને હાડકા જ ભાંગવા પડશે તેવું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે.

ભ્રષ્ટાચારી અધિકારીઓ અને નેતાઓ મૌન સેવી લોકોને પડતી હલાકી વિશે મગનું નામ મરી પાડવા તૈયાર નથી. ભરૂચ માર્ગ અને મકાન વિભાગ દરવર્ષે રોડ બનાવે છે અને ચોમાસાના શરૂઆતના વરસાદ સાથે જ બનેલા રોડ તૂટી જાય છે તદઉપરાંત નવા નક્કોર બનેલા પુલ ઉપર પણ ગાબડા પડી જતા હોય છે ત્યારે કહી શકાય કે માર્ગ અને મકાન વિભાગમાં ભ્રષ્ટાચાર ફુલ્યો ફાટ્યો છે અને જેના પર લગામ લગાવવાની કોઈની તાકાત નથી. ત્યારે જિલ્લા કલેકટર આ બાબતે કોઈ પગલાં ભરે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

# નાંદોદ તાલુકામાં આવેલાં રામગઢ ગામમાં મધરાત્રે દીપડો ઘુસતા ફફડાટ



રાજપીપળા,તા.૨

નાંદોદ તાલુકામાં આવેલાં રામગઢ ગામમાં એક તરફ દીપડો આવી ચઢતા ત્યાં લોકો એકઠા થયા હતા. રામગઢ ગામમાં સોમવારે બપોરે એક દીપડો ગામમાં લટાર મારતાં જોવા મળતા ગ્રામજનોમાં ભય ફેલાયો અને કોઈકે વન વિભાગમાં જાણ કરી ત્યારે વન કર્મીઓ આવ્યા પરંતુ દીપડો ત્યાંથી ચાલ્યો ગયો હતો.ત્યારબાદ આ દીપડો રાત્રે લગભગ બે વાગે ગામના એક ઘરમાં આવી ચઢતા બૂમાબૂમ થઈ અને ગ્રામજનો એકઠા થયા હતા.ત્યારબાદ રાત્રે અંધારામાં પણ રાજપીપળા વન વિભાગની ટીમે આ દીપડાને ઝડપી લેતા ગ્રામજનોને રાહત થઈ હતી.પણ હજુ બીજા બે દીપડા આ તરફ ફરતા હોવાનું ગ્રામજનોનું કહેવું છે ત્યારે વન વિભાગ એને પણ ઝબ્બે કરે તેવી આશા ગ્રામજનો રાખી રહ્યા છે.

જાણવા મળ્યા મુજબ જે જે ગામોમાં દીપડા કે કોઈ અન્ય જંગલી પ્રાણી દેખાય તે ગામમાં વન વિભાગ પાંજરું ગોઠવી દીપડાને કેદ કરે. પરંતુ આ પાંજરામાં બકરાનું મારણ મૂકવાનું હોય એ મારણનો ખર્ચ વન વિભાગ નથી કરી શકતું કેમ કે આવી કોઈ ગ્રાન્ટ તેમને મળતી નથી માટે જે તે ગામના લોકો કે પંચાયત માંથી આ ખર્ચ કરવો પડે છે.ત્યારે અમુક ગામોમાં પંચાયત કે લોકો આ ખર્ચ વેઠી નથી શકતા માટે દીપડાનો આતંક રહેતો હોય છે.તો વન વિભાગે આ માટે અલગ આયોજન કરવું જોઈએ.

**CHANGE OF NAME**

OLD NAME - **MESHVIBEN BRIJESHKUMAR PATEL**
NEW NAME- **MESHVI BRIJESHKUMAR PATEL**

ADDRESS - 303 RAVI SHIKHAR FLAT 2, CHHANI SOKHDA ROAD CHHANI VADODARA 391740

**મેં મારૂ નામ વારીસ અળીલ (સરનામા વગર) માંથી બદલીને વારીસ અખીલ ચોધરી (સરનામાં સાથે ) કરેલ છે. ૧૬ , પેરાડાઇઝ બંગલોઝ, ગ્રીન સીટી રેસ્ટોરન્ટ પાસે, તાંદલજા, વડોદરા.**

## ગોચર જમીન પર વર્ષ ૨૦૦૯ થી ૨૦૧૦ ની સાલમાં સબસ્ટેશન બનાવેલ છે

# આમદલા ગામમા પૂરતી વીજળી આપવા બાબતે ગ્રામજનોએ ગરુડેશ્વર વીજ કંપનીમાં રજૂઆત કરી

રાજપીપળા,તા.૨

ગરુડેશ્વર તાલુકાના આમદલા ગામમાં પૂરતી વીજળી આપવા બાબતે ગ્રામજનોએ NSUI ના જિલ્લા પ્રમુખ તેજસ તડવીની આગેવાનીમાં ગરુડેશ્વર વીજ કંપનીના અધિકારીને લેખિત રજૂઆત કરી છે. ગ્રામજનોએ રજૂઆતમાં જણાવ્યા મુજબ આમદલા ગ્રામ પંચાયતની ગોચર જમીન પર વર્ષ ૨૦૦૯ થી ૨૦૧૦ ની સાલમાં સબસ્ટેશન બનાવેલ છે.આ સબસ્ટેશનના નિર્માણથી અમારા ગામમાં એક ખુશીનો માહોલ હતો કે ગામમાં પુરતા પ્રમાણમાં વીજળી મળશે.પરંતુ ઘણા સમયથી અમારા ગામમાં પુરતા પ્રમાણમાં વીજળી મળતી નથી અને વોલ્ટેજ અનિયમીત પણે વધતા ઘટતા જાય છે.જેનાથી વીજળીથી ચાલતા સાધનોને પણ નૂકશાન થાય છે અને ખાસ સાંજનાં સમયે તેમજ રાત્રીનાં સમયે વીજ પ્રવાહ બંધ કરી દેવામાં આવતો હોય છે.જેનાં કરણે ગામ લોકોને અન્યાય થઈ રહ્યો હોય તેવુ લાગી રહ્યું છે.કારણ કે બીજી બાજુ સબસ્ટેશનનો પાવર આસપાસના ગામડાઓમાં તેમજ પોલીસ લાઈન, ટેન્ટ સિટી, ભારત ભવન અને સર્કિટ હાઉસમાં ૨૪ કલાક પુરે પુરી વીજળી મળતી હોય તો અમારા આમદલા ગામની જમીન અમે સબસ્ટેશન બનાવવા માટે આપી હોવા છતા પણ અમારા ગામને ૨૪ કલાક પુરી વીજળી મળતી નથી.અમે અમારા ગામની કીમતી જમીન જી.ઈ.બી ને આપી છે.જેથી આમદલા ગામને પણ ૨૪ કલાક અને પુરતી વિજળી મળી રહે તેવી વ્યવસ્થા કરી આપવા વિનંતી છે. આમારી આ સમસ્યાનુ સમાધાન ૫ થી ૬ દિવસમા થાય એવી અમારી માંગણી છે, અમારી આ માંગણી મુજબ કાર્યવાહિ કરવામાં નહિ આવે તો ગામમાં કોઈ બનાવ બને જેની કોઈ પણ જવાબદારી અમારી રહેશે નહિ તેવી ચીમકી પણ રજૂઆતમાં ઉચ્ચારી છે.



# રાજપીપળા કરજણ નદી કિનારે માદા મગર અને તેના ૨૦થી વધુ બચ્ચાઓ જોવામાં મળતા લોકોમાં કુતૂહલ

રાજપીપળા,તા.૨

રાજપીપળાની કરજણ નદીના કિનારે સિકોતર માતા મંદિર નીચે માદા મગરની સાથે આશરે તેના ૨૦ જેટલા મગરના નાના નાના બચ્ચાઓ જોવા મળતા લોકોમાં ભારે કુતૂહલ જોવા મળ્યું હતું.જવલ્લેજ જોવા મળતા એકાદ બે મગરના બદલે હાલમાં મોટી સંખ્યામાં બચ્ચાંઓ પણ દેખા દેતા તેને જોવા લોકટોળા ઉમટી પડ્યા હતા. આ મગરના ઈંડા મૂકવાના અમુક અઠવાડિયા બાદ બચ્ચાઓ બહાર આવ્યા હોવાનું લોકોનું કેહવુ છે.જેથી માદા મગર તેની આસપાસ પાણીમાં બેસીને આ મગરના નાના નાના બચ્ચાઓનું રક્ષણ કરી રહી હોય તેવું લાગી રહ્યું છે.અત્રે એ ઉલ્લેખનીય છે કે રાજપીપળામાં વન વિભાગ દ્વારા મગરથી બચવા માટેની જે ચેતવણીના બોર્ડ મારવામાં આવ્યા છે તેને ધ્યાને લઈ ત્યાં આવતા લોકો અથવા અજાણ્યા પ્રવાસીઓ પોતાની સલામતીની ચિંતા પહેલા કરે. કારણ કે નર્મદા જિલ્લો પ્રવાસન માટે જાણીતો છે અને નવા નવા પ્રવાસીઓ અહીં આવતા હોય છે તેવામાં આનંદ માણવા જતાં કોઈ દુર્ઘટના ન સર્જાય એવી તકેદારી લોકો રાખે તે ખૂબ જ જરૂરી છે અને તંત્ર દ્વારા આપમાં આપવામાં આવતી ચેતવણીઓને ધ્યાન પર લેવી પણ અત્યંત જરૂરી છે.




**પશ્ચિમ રેલવે – વડોદરા ડિવિઝન**

**ગતિ શક્તિ વિભાગ**
**રોડ ઓવર બ્રિજનું બાંધકામ**
**ઈ-ટેન્ડર નોટીસ નં.**
**CPM-GSENGG-BRC-02-2024-25**

ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી ચીફ પ્રોજેક્ટ મેનેજર (ગતિ શક્તિ), પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-390 004 દ્વારા નીચે જણાવેલ કામ માટે સીલબંધ ટેન્ડરો આમંત્રિત કરવામાં આવે છે. **i) ટેન્ડર નં. CPM-GS-ENGG-BRC-02-2024-2025 ii) કામનું નામઃ** વડોદરા-ગેરતપુર સેક્શન :- નેનપુર-કનીજ વચ્ચે 471/16-18 કિ.મી. ખાતે બે લેન રોડ ઓવરબ્રિજ (ROB) ની જોગવાઈ કરીને લેવલ X-ing નં. 294 ને નાબૂદ કરવાનું કામ. **iii) કામની અંદાજીત પડતર (રૂા.માં):** ₹ 47,88,15,334.26 (રૂપિયા સુડતાલીસ કરોડ અઠ્યાસી લાખ પંદર હજાર ત્રણ સો ચોત્રીસ અને છવ્વીસ પૈસા પુરા) **iv) જમા કરાવવાની અર્નેસ્ટ મની (રૂા.માં):** ₹ 25,44,100/- (રૂપિયા પચ્ચીસ લાખ ચુમ્માલીસ હજાર એક સો પુરા) **v) બિડીંગ માટે ઓનલાઈન ટેન્ડરની ઉપલબ્ધતાઃ** તા.09-07-2024 ના 11:00 કલાક થી તા.23-07-2024 ના 15:00 કલાક સુધી. **ટેકનિકલ બિડ ખુલવાની તારીખ અને સમયઃ** તા.23-07-2024 ના 15:30 કલાકે **vi)** ટેન્ડર દસ્તાવેજની પડતર (પરત ન મળવા પાત્ર), ઈએમડી, યોગ્યતા માપદંડ, સમાન પ્રકારનું કામ, વિગતવાર ટેન્ડર શરતો સમાવતી વિગતવાર નોટીસ અંગે કૃપા કરી www.ireps.gov.in ની મુલાકાત લેશો. **મેન્યુઅલ ઓફરો ધ્યાનમાં લેવામાં આવશે નહિં.** BRC-099

અમને લાઇક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે – વડોદરા ડિવિઝન**

**વિવિધ સિગ્નલીંગ કામ**
**ટેન્ડર નોટીસ નં. S&T/BRC/24-25/07/SIG**
**તા.28-06-2024**

ભારતના રાષ્ટ્રપતિ વતી અને તેમના માટે કાર્યરત સિની. ડીએસટીઈ/વડોદરા ટેન્ડર નં. SandT_BRC_24-25_07_SIG સામે ઈ-ટેન્ડરો આમંત્રિત કરે છે. બિડર્સ બિડ બંધ થવાની તારીખ અને સમય સુધી તેમની અસલ/સુધારેલી જમા કરાવવા સમર્થ રહેશે, આ ટેન્ડર સામે મેન્યુઅલ ઓફર્સ માન્ય ગણાશે નહીં અને આવી કોઈપણ પ્રાપ્ત થયેલ મેન્યુઅલ ઓફર્સ ધ્યાનમાં લેવામાં આવશે નહીં. **(1) કામનું નામ તેના સ્થળ સહિતઃ** (1) વડોદરા યાર્ડ-બાજવા સેક્શન : ઓટોમેટિક સિગ્નલીંગ સેક્શનમાં ડ્યુઅલ MSDAC થી ABB (બોમ્બાર્ડિયર) AFTC ના બદલીકરણ. (2) બાજવા-રણોલી સેક્શનઃ- ઓટોમેટિક સિગ્નલીંગ સેક્શનમાં ડ્યુઅલ MSDAC થી ABB (બોમ્બાર્ડિયર) AFTC ના બદલીકરણના કામના સંબંધમાં મલ્ટી સેક્શન ડિજીટલ એક્સલ કાઉન્ટર્સ (MSDACs) ના સર્કિટસની ડિઝાઈન, ઈલેક્ટ્રિક ઈન્ટરલોકિંગ (EI) માં ફેરફાર, આપૂર્તિ, ખાઈઓ ખોદવાનું, કેબલ પાથરવાનું, આઉટડોર કામ, સંસ્થાપન, પરિક્ષણ, કમીશનીંગ વગેરે કરવાનું કામ. **(2) કામની અંદાજીત પડતરઃ** ₹ 4,57,57,818.33 **(3) જમા કરાવવાની અર્નેસ્ટ મનીઃ** ₹ 3,78,800.00 **(4) ઈ-ટેન્ડર જમા કરાવવાની અને ઈ-ટેન્ડર ખોલવાની તારીખ અને સમયઃ તા.**24-07-2024 ના 15:00 કલાકે અને **તા.**24-07-2024 ના 15:30 કલાકે ટેન્ડર ખોલાશે. **(5) વેબસાઈટ વિગત અને નોટીસ માટે સ્થળ જ્યાંથી સંપૂર્ણ વિગતો જોઈ શકાશે વગેરેઃ** http://www.ireps.gov.in સિનીયર ડિવિઝનલ સિગ્નલ એન્ડ ટેલીકોમ્યુનિકેશન એન્જીનીયર, બીજો માળ, એનેક્ષ બિલ્ડીંગ, ડીઆરએમ ઓફીસ, પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-390 004. BRC-101

અમને ફોલો કરો: twitter.com/WesternRly

**NOTICE OF LOSS OF SHARES OF**
**Company Name: ACC LIMITED**
**Registered Address of the Company:** Adani Corporate House, Shantigram, Near Vaishnodevi Circle, S. G. Highway, Ahmedabad, Gujarat, 382 421.

Notice is hereby given that the following share certificates have been reported as lost/misplaced and the Company intends to issue duplicate certificates in lieu thereof, in due course.
Any person who has a valid claim on the said shares should lodge such claim with the Company at its Registered Office within 15 days hereof.

**Name of the Company: ACC LIMITED**
Name of Holder:
(1) NIRANJANA GAUTAMBHAI PATHAK (1st Deceased holder)
(2) KISHORI GAUTAMBHAI PATHAK (2nd Surviving holder)

| | Folio No. | No. of securities held | Security Certificate No. | Distinctive Nos. From-To | |
|---|---|---|---|---|---|
| 1) | N000011289 | 50 of Rs.10/- FV | 153460 | 30452231 | 30452280 |
| 2) | N000011289 | 50 of Rs.10/- FV | 153461 | 30452281 | 30452330 |
| 3) | N000011289 | 50 of Rs.10/- FV | 153462 | 30452331 | 30452380 |
| 4) | N000011289 | 50 of Rs.10/- FV | 153463 | 30452381 | 30452430 |
| 5) | N000011289 | 50 of Rs.10/- FV | 01196137 | 0063828911 | 0063828960 |
| 6) | N000011289 | 01 of Rs.10/- FV | 01196138 | 0063828961 | 0063828961 |
| 7) | N000011289 | 01 of Rs.10/- FV | 01196139 | 0063828962 | 0063828962 |
| 8) | N000011289 | 01 of Rs.10/- FV | 01196140 | 0063828963 | 0063828963 |
| 9) | N000011289 | 01 of Rs.10/- FV | 01196141 | 0063828964 | 0063828964 |
| 10) | N000011289 | 01 of Rs.10/- FV | 01196142 | 0063828965 | 0063828965 |
| 11) | N000011289 | 01 of Rs.10/- FV | 01196143 | 0063828966 | 0063828966 |
| 12) | N000011289 | 01 of Rs.10/- FV | 01196144 | 0063828967 | 0063828967 |

Place: Bharuch
Date: 03/07/2024

**Panasonic**

**પેનાસોનિક એનર્જી ઈન્ડિયા કંપની લિમિટેડ**

**CIN:** L31400GJ1972PLC002091
**રજી. ઓફિસઃ** જી.આઈ.ડી.સી., મકરપુરા, વડોદરા-૩૯૦૦૧૦, ગુજરાત, ઈન્ડિયા
**ફોનઃ** (૦૨૬૫) ૨૬૪૨૬૬૧ **વેબસાઈટઃ** www.panasonicenergyindia.in
**ઈ-મેઈલઃ** company.secretary@in.panasonic.com

**૫૨મી વાર્ષિક સામાન્ય સભાની સૂચના, ઇ-મતદાન માહિતી અને બુક કલોઝર**

આથી સૂચના આપવામાં આવે છે કે **પેનાસોનિક એનર્જી ઈન્ડિયા કંપની લિમિટેડ** (''કંપની'')ની **૫૨મી વાર્ષિક સામાન્ય સભા** (''એજીએમ'') વિડિયો કોન્ફરન્સિંગ ("VC") / અન્ય ઓડિયો વિઝયુઅલ માધ્યમ ("OAVM") દ્વારા **ગુરૂવાર, જુલાઇ ૨૫, ૨૦૨૪** ના રોજ **સવારે ૧૦:૩૦** કલાકે એજીએમ ની નોટીસમાં નક્કી કરાયેલા સામાન્ય અને ખાસ વ્યવસાયોને પાર કરવા રાખવામાં આવેલ છે. ઇ-મતદાન સંચાર અને વાર્ષિક અહેવાલ ઓડિટેડ નાણાંકીય નિવેદનો સાથે મળીને બધા સભ્યોને, જેમણે કંપની/ડિપોઝીટરી પાર્ટિસિપન્ટ સાથે તેમના ઇ-મેલ સરનામા જુન ૨૧, ૨૦૨૪ ના રોજ નોંધાવ્યા છે તેમને ઈલેક્ટ્રોનિકલી રીતે મોકલવામાં આવ્યા છે. ઉપરોક્ત નોટીસ, અન્ય દસ્તાવેજો કંપનીની વેબસાઇટ https://www.panasonicenergyindia.in, લીંક ઇનટાઇમ ઇન્ડિયા પ્રાઈવેટ લિમિટેડની વેબસાઇટ https://linkintime.co.in/website/gogreen/2024/agm/panasonic_energy_india_company_limited/annual_report_2023-24.pdf અને સ્ટોક એક્ષચેન્જ બીએસઈ લિમિટેડની વેબસાઇટ www.bseindia.com પર પણ ઉપલબ્ધ છે.

કંપની એક્ટ, ૨૦૧૩ની કલમ ૧૦૮ મુજબ, કંપની (મેનેજમેન્ટ એન્ડ એડમિનિસ્ટ્રેશન નિયમો, ૨૦૧૪ના નિયમ ૨૦ અને સેબી (લિસ્ટીંગ ઓબ્લીગેશન અને ડિસ્કલોઝર રિક્વાયરમેન્ટ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ની નિયમન ૪૪ સાથે વાંચી, કંપની તેના સભ્યોને ઈલેક્ટ્રોનિક માધ્યમથી લીંક ઇનટાઇમ ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડ ("LIIPL") દ્વારા ઇ-મતદાન સેવાઓ દ્વારા એજીએમની સુચનામાં સેટ કરવામાં આવેલા તમામ રિઝોલ્યુશન પર મતદાન કરવા માટે રીમોટ ઇ-મતદાન સુવિધા પ્રદાન કરે છે. જુલાઇ ૧૯, ૨૦૨૪ના કટ-ઓફ તારીખના આધારે શેર ભૌતિક સ્વરૂપે અથવા ડિમટીરીયલાઇઝ્ડ સ્વરૂપમાં ધરાવતા હોય તો, ૫૨મી એજીએમની નોટીસમાં રજૂ કરેલા તમામ ઠરાવો પર ઈલેક્ટ્રોનિક રીતે મત આપી શકે છે.

તમામ સભ્યોને આ રીતે જાણ કરવામાં આવે છે કે :-

**રિમોટ ઇ-મતદાન :-**

- એજીએમ ની નોટીસમાં નક્કી કરાયેલા સામાન્ય અને ખાસ વ્યવસાયને LIIPL દ્વારા પૂરી પાડવામાં આવેલ ઇ-મતદાન સેવા (ઈલેક્ટ્રોનિક માધ્યમો) મારફતે પણ વ્યવહાર કરવામાં આવશે.
- સભ્યોને એજીએમ ઇ-મતદાનની પ્રક્રિયા અને રીતે વિશે મે ૨૮, ૨૦૨૪ના નોટીસના ભાગરૂપે નોટ્સનો સંદર્ભ લેવા વિનંતી કરવામાં આવે છે.
- એજીએમમાં રીમોટ ઇ-મતદાન દ્વારા મતદાનની યોગ્યતા નક્કી કરવા માટેની કટ-ઓફ તારીખ જુલાઇ ૧૯, ૨૦૨૪ છે.
- રીમોટ ઇ-મતદાન સોમવાર, જુલાઇ ૨૨, ૨૦૨૪ (સવારે ૯:૦૦ વાગ્યાથી) શરૂ થશે અને બુધવાર, જુલાઇ ૨૪, ૨૦૨૪ (સાંજે ૫:૦૦ વાગ્યે) સમાપ્ત થશે. આ સમયગાળા દરમિયાન, સભ્યો તેમના મત ઈલેક્ટ્રોનિક રીતે આપી શકે છે. ઇ-મતદાન મોડ્યુલ પછીથી ("LIIPL") દ્વારા નિષ્ક્રિય કરવામાં આવશે. સભ્યોના મતદાન અધિકારો જુલાઇ ૧૯, ૨૦૨૪ ('કટ-ઓફ તારીખ') મુજબના ઇક્વીટી શેરના પ્રમાણમાં હશે. કોઇપણ વ્યક્તિ જે કટ-ઓફ તારીખ પર કંપનીનો સભ્ય છે તે એજીએમની નોટીસમાં રજૂ કરેલા તમામ ઠરાવો પર મત આપવા માટે પાત્ર છે.
- જે સભ્યોએ એજીએમ પહેલો રિમોટ ઇ-મતદાન દ્વારા પોતાનો મત આપ્યો છે તેઓ VC / OAVM દ્વારા એજીએમમાં પણ હાજરી આપી શકે છે, પરંતુ તેઓ ફરીથી મતદાન કરવા હક્કદાર રહેશે નહિ. જે સભ્યોએ રિમોટ ઇ-વોટિંગ દ્વારા મત આપ્યો નથી તેઓ એમજીએમ નોટિસની નોંધોમાંની નોંધ ૩૩ અને ૩૪ મુજબ એજીએમમાં મતદાન કરી શકે છે.
- કોઇપણ વ્યક્તિ, જે એજીએમની નોટીસ મોકલ્યા બાદ કંપનીના શેર મેળવે છે અને કટ-ઓફ તારીખ જુલાઇ ૧૯, ૨૦૨૪ના રોજ સભ્ય હશે તેઓ enotices@linkintime.co.in પર વિનંતી મોકલીને લોગ-ઇન આઇડી અને પાસવર્ડ મેળવી શકે છે. જો કોઇ વ્યક્તિ ઇ-મતદાન માટે ("LIIPL") સાથે પહેલાથી જ નોંધાયેલ હોય તો મત આપવા માટે યુઝર આઇડી અને પાસવર્ડનો ઉપયોગ કરી શકે છે. લોગ-ઇન આઇડી અને પાસવર્ડ મેળવવા માટે સભ્યે evoting@nsdl.co.in અથવા helpdesk.evoting@cdslindia.com પર વિનંતી મોકલી શકે છે. સભ્યો કંપની સેક્રેટરી શ્રી શ્રબન કુમાર કરણ, પ્લોટ નંબર ૧૧૨, સેક્ટર III, પીથમપુર, ધાર-૪૫૪૭૭૪, મધ્યપ્રદેશ, ઇ-મેલ : company.secretary@in.panasonic.com, મોબાઈલ : ૭૯૯૯૨ ૨૩૦૨૦ નો સંપર્ક કરી શકે છે.
- પ્રશ્નોના કિસ્સામાં, સભ્યો ("FAQs") અને https://instavote.linkintime.co.in પર 'સહાય વિભાગ'નો સંદર્ભ લઈ શકે છે, શેરહોલ્ડરોને મતદાન માટેની માર્ગદર્શિકા વાપરી શકે છે અથવા enotices@linkintime.co.in પર ઇ-મેલ અથવા ટેલીફોન નં.: ૦૨૨-૪૯૧૮૬૦૦૦ ઉપર સંપર્ક કરી શકે છે. મેમ્બર્સ કંપનીના કંપની સેક્રેટરીને company.secretary@inpanasonic.com અથવા કંપનીની રજીસ્ટર્ડ ઓફિસ પર પણ લખી શકે છે.

**બુક કલોઝરઃ**

- કંપની એક્ટ, ૨૦૧૩ ના સેક્શન ૯૧ અને સેબી (લિસ્ટીંગ ઓબ્લીગેશન અને ડિસકલોઝર રિક્વાયરમેન્ટ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ ના નિયમ ૪૨ અનુસાર, નોટીસ પણ આપવામાં આવે છે કે, કંપનીના રજિસ્ટર અને શેર ટ્રાન્સફર બુક્સ જુલાઈ ૧૯, ૨૦૨૪ થી જુલાઇ ૨૫, ૨૦૨૪ (બંને દિવસ સહિત) ૫૨મી એજીએમના હેતુ માટે બંધ રહેશે.
- સભ્યો તેમના તમામ પત્રવ્યવહારને રજીસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ - લિંક ઇનટાઇમ ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડ, ''ગીતાકુંજ'', ૧, ભક્તિનગર સોસાયટી, એબીએસ ટાવરની પાછળ, ઓલ્ડ પાદરા રોડ, વડોદરા-૩૯૦ ૦૧૫ સાથે વાતચીત કરવાની વિનંતી કરવામાં આવે છે.

**પેનાસોનિક એનર્જી ઈન્ડિયા કંપની લિમિટેડ વતી,**
સહી/-
**શ્રબન કુમાર કરણ**
**કંપની સેક્રેટરી**

**સ્થળ :** વડોદરા
**તારીખ :** ૦૨.૦૭.૨૦૨૪